Letter No: SJED/0570/02/2024 Dt: 28-02-2024

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં "રાઉન્ડ ધી ક્લોક" વોર્ડનની ૩૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ. ૦ .૬૦ કરોડ

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/ANS/e-file/17/2023/3245/A Section**

સચિવાલય, ગાંધીનગર

તા: /૦૨/૨૦૨૪

0 2 MAR 2024

<u>વંચાણે લીધા</u>:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૬/૦૨/૨૦૨૪ નો પત્રાંક:વિજાક/આનિશા/સ.છા./૨૦૨૩-૨૪/૯૦૦

<u>આમુખ</u>: -

આ વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક કુમાર અને કન્યાની કુલ ૩૩ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા, જરૂરી પાગરણની સાથે ભૌતિક સુવિધાઓ તેમજ શુધ્ધ અને ઠંડા પાણી માટે R.O.પ્લાન્ટ વગેરે સગવડ પૂરી પાડવામાં આવે છે. આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓની રોજબરોજની દેખરેખ અને સુચારૂ સંચાલન માટે આઉટસોર્સ વોર્ડનની જગ્યા ઊભી કરવાની બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓની રોજબરોજની દેખરેખ તેમજ અન્ય વહીવટી કામગીરીના હેતુસર "રાઉન્ડ ધી ક્લોક" વોર્ડનની ૩૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટેની રૂ.૦. ૬૦ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

1. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વમંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
4. ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
5. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ,

Validity unknown
Signed by: H R Doshi
Section Officer
Date: 2024.03.02
15:19:47 +05:30

કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા:૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે. આ ઉપરાંત ઇપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચૂકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની રહેશે.

6. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.
7. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે અત્રેના વિભાગના પરામર્શમાં નિયત કરેલ હોય, તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વમંજુરી મેળવી ચૂકવવાના રહેશે તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
8. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
9. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. સદર બાબતે તા:૦૧/૦૪/૨૦૨૪ પછીથી ખર્ચ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેકટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર - ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર - ૨૭૭ શિક્ષણ, પેટા સદર ૧૫ - OBC -૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૨૫/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

<u>નકલ રવાના</u>: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...

- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૪